# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #5

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## વાત જણાવો

તમે જે વિસ્તારમાં રહો છો તેને પ્રભાવિત કરી શકે તેવી કુદરતી આપત્તિઓ વિશે તમારા બાળક સાથે વાત કરો. કોઈ કુદરતી આપત્તિ પૂર્વે, તે દરમ્યાન, અને તે પછી તમારો પરિવાર શું કરી શકે તે વિશે સાથે મળીને એક આયોજન તૈયાર કરો. ત્યારબાદ, તમારા બાળકને તે આયોજન પરિવારના બાકીના સભ્યો સમક્ષ પ્રસ્તુત કરવામાં મદદ કરો.

તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નીચે આપેલા પ્રશ્નોનો ઉપયોગ કરો:

- જ્યારે _____ ત્રાટકે ત્યારે શું થાય છે?
- જો તમે _____ કરો તો શું થઈ શકે?
- આપણે [એક] _____ને ક્યાં મૂકવું જોઈએ?

હવે પછીના વખતે, જરૂરિયાતને સમયે તમે સમુદાયને મદદ કરી શકો તે રસ્તાઓ વિશે વાત કરજો.



## લિસનિંગ લેબ

વાર્તા વાંચી સંભળાવવી અથવા કહેવી. વાર્તા માટે વિચારો જોઈએ છે? આમાંથી કોઈપણ એક પસંદ કરો:

- **તમે શીખ્યા હોવ તેવું એક કૌશલ્ય**
- **તમે મળ્યા હોવ તેવી એક વ્યક્તિ**
- **તમે રહો છો તે દેશ**
- **એક ખાસ બનાવ**
- **તમે પાર કર્યો હોય તેવો એક પડકાર**
- **એક રસપ્રદ સ્થળ**
- **સમુદાયને મદદ કરવી**
- **તમારી માનીતી રમત**

ત્યારબાદ નીચે આપેલી સૂચિમાંથી પ્રશ્નો પૂછો:

- _____ ક્યારે _____?
- જ્યારે _____ થયું ત્યારે શું થયું?
- _____ શું ધરાવે છે?
- મને _____ વિશે જણાવો.

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

મને તમારા કૂતરા વિશે વાત કરો. તે મારી બિલાડી કરતાં વધુ સક્રિય છે.

## કામ પહેલાં પૂરું કરવું

1. વારાફરતી આ વસ્તુઓની સરખામણી કરો:
   - પીઝા અને હેમબર્ગર
   - વિડીયો ગેમ્સ અને બહાર રમવાની રમતો
   - રોલરકોસ્ટર અને રમતના મેદાનો
   - ચિત્તા અને ગોરિલા
2. એક ખેલાડીને બે વસ્તુઓની સરખામણી 30 સેકન્ડમાં કરવા કહો.
3. ખેલાડી બદલો અને તેને ત્યાર પછીની બે વસ્તુઓની સરખામણી 30 સેકન્ડમાં કરવા કહો.
4. ખેલાડીઓએ વસ્તુઓની સરખામણી પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને કરવી જોઈએ.

**ઉદાહરણ:**

પીઝા હેમબર્ગર કરતાં વધારે સારા હોય છે.
પીઝા હેમબર્ગર કરતાં વધારે ચીઝ વાળા હોય છે.
પીઝા હેમબર્ગર કરતાં વધારે સ્વાદિષ્ટ હોય છે.

હવે પછીના વખતે, સરખામણી કરવા માટે વસ્તુઓનો સેટ તમારી રીતે તૈયાર કરો.





Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #5

## આગળ વધો

તમારા બાળક સાથે ઘરની બહાર ચાલવા નીકળો. શાળામાં તેમનો દિવસ કેવો રહ્યો તે વિશે વાત કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- તમે ક્યારે ____?
- જ્યારે _____ થયું ત્યારે તમે શું કર્યું?
- શું _____ હતું/હતા?
- શું ____ થાય/કરે છે?
- શું તે મજેદાર હતું? શું તે મુશ્કેલ હતું?
- મને ______ વિશે જણાવો.

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
જ્યારે રીસેસ પડી હતી ત્યારે તમે શું કર્યું હતું? જ્યારે મારી રીસેસ હતી ત્યારે હું સોકર રમતો હતો/રમતી હતી.




## આર્ટ સ્ટુડિઓ

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી અલગ-અલગ છાપ દોરો.
3. દરેક વારા પછી, છાપ વિશે એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:
   - તમે શું દોર્યું તે વિશે મને જણાવો.
   - તમને કઈ છાપ દેખાય છે?
   - આ છાપમાં હવે પછીની વસ્તુ કઈ છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

 ____

## ફોટો બૂથ

તમારા બાળક સાથે એક રોજિંદી પ્રવૃત્તિ પૂરી કરો, જેમકે રસોઈ કરવી. પ્રવૃત્તિ દરમ્યાન ફોટા પાડો. ત્યારબાદ, ફોટાનો ઉપયોગ પ્રક્રિયાને વર્ણવવા માટે કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- જ્યારે તમે શરુ કરો ત્યારે શું બહાર કાઢી રાખવું જરૂરી છે?
- આ સામગ્રીનું નામ શું છે?
- જો હું _____ કરું તો શું થઈ શકે?
- જ્યારે મેં _____ કર્યું ત્યારે શું થયું હતું?
- મને ______ વિશે જણાવો.

તેમને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**
જ્યારે મેં સ્ટવ (ચૂલા) પર ગરમી ઘટાડી ત્યારે શું થયું? જ્યારે તમે સ્ટવ પર ગરમી ઘટાડી ત્યારે પાણી ઉકળતું બંધ થયું.

## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ અથવા પ્રાણી પસંદ કરે છે જે બધાને દેખાતું હોય અને ત્યારબાદ તેને અન્ય વસ્તુઓ અથવા પ્રાણીઓ સાથે સરખાવી અને ભેદ પાડીને તેને વર્ણવતી હોય તેવી કડીઓ આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ અથવા પ્રાણી શું છે તેનું અનુમાન કરવાનું હોય છે.

સરખામણી કરતી અને ભેદ પાડતી વસ્તુઓ:

**રંગ** **આકાર** **કદ** **લાક્ષણિકતાઓ**

**ઉદાહરણ:**
મને આકાશ જેવું જ ભૂરું કંઈક દેખાય છે.
મને ખુરશી કરતાં મોટું કંઈક દેખાય છે.
મને કરોળિયા કરતાં વધુ ડરામણું કંઈક દેખાય છે.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.